તારીખ સુધીમાં ભરવાનું રહેશે. અત્યારે આવા વ્યવસાયોને કોઈપણ મહિનાની વેચાણ માહિતી એટલે કે જીએસટી રીટર્ન-૧ આગલા મહિનાની દસ તારીખ સુધીમાં ભરવાનું હોય છે. દોઢ કરોડ રૂપિયા સુધીના ટર્ન ઓવરવાળા વેપારીઓને, જેમને ત્રિમાસીક રીટર્ન ભરવાનું હોય છે, તેના આગલા મહિનાની અંતિમ તારીખ સુધી જીએસટી રીટર્ન-૧ ભરવાનું રહેશે.

.................

ભારતીય પ્રૌદ્યોગિક સંસ્થાન – આઈઆઈટી ગાંધીનગરને દસ વર્ષ પુર્ણ થયાની ઉજવણીનો ઉદઘાટન સમારોહ ગઈકાલે સંસ્થાના પાલજ કેમ્પસ ખાતે યોજાઈ ગયો. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત કેડીલા હેલ્થકેસ ભીમીટેડના અધ્યક્ષ પંકજ પટેલે દેશ માટે સુસંગત હોય તેવા નવ પ્રયોગો અને સંશોધનની જરૂરીયાત પર ભાર મુકતા કહયું કે તેમને આનંદ છે કે આઈઆઈટી ગાંધીનગર તે જ દિશામાં કાર્ય કરી રહી છે. આઈઆઈટી ગાંધીનગરના નિયામક પ્રોફેસર સુધીર જૈને સંસ્થાના પાયાના હેતુઓ અને સમાજને ઉપયોગી થાય તેવી શૈક્ષણિક સંસ્થા રચવાની આકાંક્ષાઓ અંગે વાત કરી હતી અને આવનારા ૨૫ વર્ષમાં વિશ્વકક્ષાની સંસ્થા બનવા માટેના પડકારો માટે સુસજજ થવા પર ભાર મુકયો હતો. આ પ્રસંગે છેલ્લા દસ વર્ષોમાં સંસ્થા માટે યોગદાન આપનારાભાગીદારોને ખાસ તકતી આપી સન્માનીત કરાયા હતા. આઈઆઈટી ગાંધીનગરની ફેકલ્ટી, પુર્વ વિદ્યાર્થીઓ, પુર્વ કર્મચારીઓ, ભાગીદારોએ સંસ્થા સાથેના તેમના જોડાણના સંસ્મરણો વાગોળ્યા હતા. દસ વર્ષની ઉજવણીના ભાગરૂપે આજે અને સમગ્ર વર્ષ દરમિયાન વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું છે.

.................

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ ગુજરાત હાઇકોર્ટના જસ્ટીસ શ્રી એમ.આર.શાહની પટણા હાઇકોર્ટના ચીફ જસ્ટીસ તરીકે તેમજ જસ્ટીસ શ્રી કે.એસ.ઝવેરીની ઓરિસ્સાના ચીફ જસ્ટીસ તરીકે નિયુકતી માટે સમગ્ર ગુજરાત વતી શુભેચ્છાઓ પાઠવી અભિનંદન આપ્યા હતા.

તેમણે મુખ્ય મંત્રીશ્રીએ ગુજરાતના ચીફ જસ્ટીસ શ્રી આર.કે. સુભાષરેડ્ડી અને તેમની સમગ્ર ટીમ દ્વારા કેસોના ઝડપી નીકાલ માટેના પ્રયાસોને બિરદાવ્યા હતા અને જણાવ્યું હતું કે, ન્યાયતંત્ર પર સમગ્ર દેશને ખૂબ વિશ્વાસ છે તેને ચરિતાર્થ કર્યું છે.